પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૯ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૫ | ૬ ડિસેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જયલલિતાની હાલત અતિ ગંભીર

**અમ્મા માટે ઠેર ઠેર પ્રાર્થનાઓ : અપોલો હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની ચાંપતી નજર હેઠળ : જયલલિતાની અતિગંભીર હાલતને ધ્યાનમાં લઇને અન્નાદ્રમુક ધારાસભ્યોની બેઠક પણ થઇ : જયલલિતા ઇસીએમઓ અને લાઇફ સપોર્ટ સિસ્ટમ ઉપર**



ચેન્નાઇ,તા. ૫

તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતા ઉપર હાર્ટએટેકનો હુમલો થયા બાદ તેમની હાલત હજુ પણ અતિગંભીર બનેલી છે. ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની સારવાર હેઠળ છે. બીજી બાજુ જયલલિતાની અતિ ગંભીર હાલતને ધ્યાનમાં લઈને અન્નાદ્રમુકના ધારાસભ્યોની આજે બેઠક યોજાઈ હતી. બીજી બાજુ કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુ પણ અપોલો હોસ્પિટલ પહોંચી ગયા છે. અગાઉ તેમના અવસાનના સમાચાર આવ્યા બાદ ખળભળાટ મચી ગયો હતો. જો કે, અપોલો હોસ્પિટલે મોડેથીઆ અહેવાલને રદિયો આપ્યો હતો. અપોલો હોસ્પિટલની બહાર જયા સમર્થકો ઉપર પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. જયલલિતા હાલમાં ઈસીએમઓ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર છે. તબીબો દ્વારા તેમના પર નજર રાખવામાં આવી છે. જયાને હાલમાં હાર્ટ અસીસ્ટન્ટ ડિવાઈસ પર રાખવામાં આવ્યા છે. બીજી બાજુ હેવાલ મળતાની સાથે હજારોની સંખ્યામાં જયાના સમર્થકરો હોસ્પિટલમાં પહોંચી ગયા છે. જયલલિતા માટે ખાસ પુજા અર્ચના કરવામાં આવી રહી છે. પાર્ટીના મહિલા કાર્યકરો ભાવનાશીલ બની ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર


ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




## અંકુશરેખા પર પાકિસ્તાન નાગરિકની ધરપકડ કરાઈ

શ્રીનગર,તા. ૫

જમ્મુ કાશ્મીરના પૂંચ સેક્ટરમાં અંકુશ રેખા નજીક ૪૦ વર્ષીય પાકિસ્તાની ઘુસણખોરની ધરપકડ કરવામાં આવી છે. ભારતીય સુરક્ષા દળો દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે કે, આ ઘુસણખોર અંકુશ રેખાની ભારતીય બાજુએ શંકાસ્પદ ગતિવિધિમાં વ્યસ્ત હતો.

## મોદી ટાઈમ પર્સન એવોર્ડ ઓફ ધ યર-ઓનલાઈન પોલમાં વિજેતા

**વિજેતાના નામની સાતમી ડિસેમ્બરે જાહેરાત : મોદીને વોટ આપનારમાં મોટા ભાગના ભારતીય હોવાનો ખુલાસો : ડોનાલ્ડ ટ્રમ્પ સહિતની હસ્તી મોદીથી પાછળ**



નવી દિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય મેગેઝીન ટાઈમના પર્સન ઓફ ધ યર એવોર્ડ માટે ઓનલાઈન રિડર્સ પોલમાં બાજી મારી દીધી છે. આ સ્પર્ધા માટે તેમની સ્પર્ધા દુનિયાના તમામ શક્તિશાળી નેતાઓ સાથે હતી. હવે એવોર્ડ વિજેતાના નામની જાહેરાત સાતમી ડિસેમ્બરના દિવસે કરવામાં આવનાર છે. મોદીને મત આપનારમાં મોટી સંખ્યામાં ભારતીય લોકો હોવાનો ધડાકો થયો છે. દુનિયાભરના શક્તિશાળી નેતા, કલાકારો અને રાજનેતાઓ સાથે તેમની સ્પર્ધા હતી. લોકો દ્વારા આપવામાં આવેલા મતની દ્રષ્ટિએ જોવામાં આવે તો મોદી દેશભરમાં પ્રથમ સ્થાને છે. જો કે આ એવોર્ડ કોને આપવામાં આવે તે અંગે અંતિમ નિર્ણય તો મેગેઝીનના એડિટરો દ્વારા કરવામાં આવે છે. આ એવોર્ડ મોદીને જ મળે તે બાબત

● અનુસંધાન પાન-૭ પર

# એટીએમ-બેંકો પર ભારે અંધાધૂંધી યથાવત

**સપ્તાહમાં ૨૪૦૦૦ ઉપાડવાની મંજુરીના દાવા પોકળ પુરવાર : રોકડ કટોકટી છે તેવી વાત કરીને બેંકો દ્વારા માત્ર ૪૦૦૦થી ૬૦૦૦ રૂપિયા આપવામાં આવે છે તેવી મોટાભાગના લોકોની ફરિયાદ**



નવીદિલ્હી,તા. ૫

નોટબંધીના નિર્ણય બાદથી દેશભરમાં સામાન્ય લોકો ભારે ચિંતાતુર અને પરેશાન થયેલા છે. એટીએમ અને બેંકો ઉપર લાંબી લાઈનો હજુ પણ યથાવતરીતે જોવા મળી રહી છે. નોટબંધીના નિર્ણયને એક મહિનો થવા આવ્યો છે ત્યારે લોકોની સમસ્યા હજુ પણ અકબંધ દેખાઈ રહી છે. કસ્ટમરોને પ્રતિ સપ્તાહ ૨૪000 રૂપિયા ઉપાડવા માટેની મંજુરી આપવામાં આવી છે પરંતુ બેંક અધિકારીઓ અને બેંકો દ્વારા મોટાભાગે રોકડ કટોકટી છે તેમ કહીને માત્ર ૪000થી ૬000 રૂપિયા આપવામાં આવી રહ્યા છે. રવિવારના દિવસે બેંકોમાં રજા રહ્યા બાદ આજે સોમવારે બેંકો ફરી ખુલ્યા બાદ સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી. જુદા જુદા એટીએમ ઉપર એકસમાન સીન જોવા મળ્યા હતા. એટીએમ મોટાભાગે હાલમાં કામ કરી રહ્યા નથી. આરબીઆઇ, સરકાર અને અન્યો દ્વારા તમામ પ્રયાસો સ્થિતીને સામાન્ય બનાવવા યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યા છે પરંતુ તકલીફ અકબંધ રહી છે. નોટબંધી બાદ પગારના દિવસોમાં બેંકો પર ધસારો જોવા મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બે લાખ કરોડની આવક જાહેર કરનાર પરિવાર હજુય લાપત્તા

**જે સરનામુ અપાયું ત્યાં કોઇ વ્યક્તિ રહેતી નથી : છેલ્લા ૭ વર્ષથી આ સ્થાન પર કોઈ આવ્યું નથી : મકાન સુમસામ : જ્યુબિલી કોર્ટ બિલ્ડિંગના સેક્રેટરીનો દાવો**

નવીદિલ્હી,તા. ૫

ઈન્કમ ડિકલેરેશન સ્કીમ (આઈડીએસ) હેઠળ મુંબઈના જે પરિવારે બે લાખ કરોડ રૂપિયાની આવક જાહેર કરી હતી તે પરિવાર લાપત્તા છે. આ પરિવારને લઈને રહસ્ય હવે અકબંધ થયું છે. આ પરિવારે બાંદ્રા સ્થિત જે મકાન માટેનું સરનામુ આપ્યું હતું ત્યાં છેલ્લા સાત વર્ષથી કોઈ વ્યક્તિ રહેતી નથી અને આ આવાસ બિલકુલ સુમસામ છે. બાંદ્રાના આ સૈયદ પરિવારને રવિવારે એકાએક એ વખતે લોકોએ જાણવાના પ્રયાસ કર્યા હતા જ્યારે નાણામંત્રાલયે કહ્યું હતું કે, આ પરિવારે આઈડીએસ હેઠળ બે લાખ કરોડ રૂપિયાની આવક જાહેર કરી છે. સરકારના ખુલાસા બાદ જ્યારે આ વિસ્તારની મુલાકાત લેવામાં આવી ત્યારે સૈયદના પરિવારના સભ્યોના કોઈ પુરાવા મળ્યા ન હતા. આ ફ્લેટ છેલ્લા સાત વર્ષથી બંધ છે. આ ઉપરાંત આસપાસના લોકોને પણ આ પરિવારના સંદર્ભમાં કોઈ માહિતી નથી. હકીકતમાં રવિવારના દિવસે નાણામંત્રાલય દ્વારા જે ખુલાસો કરવામાં આવ્યો હતો તે મુજબ સૈયદ પરિવારમાં ચાર લોકો છે જેમાં અબ્દુલ રઝાક મોહમ્મદ સૈયદ, તેમના પુત્ર આરીફ, પત્નિ રુકશાના અને બહેન નૂરજહાંનો સમાવેશ થાય છે. મંત્રાલય દ્વારા જે સરનામુ આપવામાં આવ્યું હતું તે ફ્લેટ નંબર ચાર ગ્રાઉન્ડ ફ્લોર જ્યુબિલી કોર્ટ, લિંકિંગ રોડ, બાંદ્રા દર્શાવામાં આવ્યું હતું. જ્યુબિલી કોર્ટ બિલ્ડિંગના સેક્રેટરીએ કહ્યું હતું કે, આ ફ્લેટ એક કંપનીના નામ ઉપર છે. છેલ્લા સાત વર્ષથી અહીં કોઈ વ્યક્તિ રહેતી નથી. દરેક છ મહિના પર કોઈ આવીને જાળવણી માટે ખર્ચ આપે છે.

# કેશલેસ પેમેન્ટની દિશામાં કેન્દ્રની આક્રમક નીતિ

**૨૦ લાખ વેપારીના મોબાઇલને સ્વાઇપ મશીન બનાવવા તૈયારી : વેપારી સંગઠનોની સાથે મળીને માર્ચ સુધી લાખો કારોબારીઓને ડિજિટલ મોડમાં લવાશે : દુકાનદારો બારકોડ ઇમેજ ડાઉનલોડ કરી દુકાન પર લગાવશે**



નવી દિલ્હી,તા. ૫

કેશલેસ પેમેન્ટની દિશામાં અતિ ઝડપથી આગળ વધવા માટેની તૈયારી કેન્દ્ર સરકાર કરી રહી છે. આના ભાગરૂપે કેન્દ્ર સરકાર વેપારી સંગઠનોની સાથે મળીને માર્ચ સુધી આશરે ૨૦ લાક વેપારીઓને ડિજીટલ મોડમાં શિફ્ટ કરવા માટેની તૈયારી કરી ચુકી છે. હવે સરકાર વર્તમાન સ્વાઈપ મશીન વાળા પોઈન્ટ ઓફ ટર્મિનલથી પણ વધુ સસ્તા અને નાનકડા ખર્ચની સાથે નવી ટેકનિક ઉપલબ્ધ કરવાની તૈયાર કરી છે. સરકાર ૨૦ લાખ વેપારીના મોબાઈલને સ્વાઈપ મશીનમાં ફેરવી નાંખવા માટે તૈયારી કરી છે. આના માટે હાલમાં એમ-પીઓએસ અને ક્વીક રિસ્પોન્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. કેટ તરફથી ડિજીટલ પેમેન્ટ પર દેશભરના વેપારીઓની સાથે વાતચીત દરમિયાન આ વિષય પર ચર્ચા નિતી આયોગ અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશનના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે સંકેતો આપ્યા છે કે આ મોડમાં આવનાર વેપારીઓ માટે સરકાર કેટલીક વધુ નાણાંકીય રાહતો જાહેર કરી શકે છે. સરકારે વેપારી સંગઠનોની સાથે સાથે કેટલીક બેંકો અને પેમેન્ટ ટેકનોલોજી કંપનીઓ સાથે પણ વાતચીત શરૂ કરી છે. આને નોટબંધીની સાથે જોડીને જોવામાં આવે તે યોગ્ય નથી. અધિકારીઓ દાવો કરે છે કે લેશકેસની શરૂઆત તો મે મહિનામાં જ કરી દેવામાં આવી હતી. કેટની મદદથી હજુ સુધી આશરે ૨૦ લાખ ટ્રેડર્સને આના માટે

● અનુસંધાન પાન-૭ પર

## નોટબંધી મુદ્દે સંસદના બંને ગૃહોમાં મડાગાંઠ હજુય અકબંધ

**લોકસભા અને રાજ્યસભાની કામગીરી ખોરવાઈ : ચર્ચા બાદ વોટિંગની જોગવાઈ ધરાવનાર વ્યવસ્થા હેઠળ નોટબંધી મુદ્દે ચર્ચાની માંગ પર વિરોધ પક્ષો મક્કમ રહ્યા**



નવીદિલ્હી,તા. ૫

નોટબંધીના મુદ્દા ઉપર સંસદના બંને ગૃહોમાં મડાગાંઠ આજે પણ અકબંધ રહી હતી. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ સભ્યોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. વિરોધ પક્ષોએ નોટબંધીના મુદ્દા ઉપર ચર્ચા બાદ મતદાનની માંગણીને લઈને જિદ્દી વલણ અપનાવ્યું હતું. નોટબંધીના મુદ્દા ઉપર વિરોધ પક્ષોના ધાંધલ ધમાલ અને નારાબાજીના કારમે લોકસભામાં અંધાધૂંધી ફેલાઈ હતી. આ વિષય ઉપર મત વિભાજનની જોગવાઈ ધરાવનાર નિયમ હેઠળ ચર્ચા કરવાની માંગણીને લઈને કોંગ્રેસ, તૃણમુલ કોંગ્રેસ અને ડાબેરી સભ્યોએ હોબાળો મચાવ્યો હતો. લોકસભામાં નોટબંધી પર મતવિભાજનવાળા નિયમ હેઠળ ચર્ચાની માંગ પર વિપક્ષી દળો મક્કમ રહેતા સંસદમાં નિયમ ૧૯૩ હેઠળ ચર્ચા શરૂ કરવામાં આવી હતી પરંતુ હોબાળો રહેતા ચર્ચા આગળ વધી ન હતી. લોકસભામાં સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે નિયમ ૧૯૩ હેઠળ કાળા નાણાને સમાપ્ત કરવાને લઈને ચર્ચાની વાત કરી હતી.

આજે સવારે કાર્યવાહી શરૂ થતાંની સાથે જ ધાંધલ ધમાલ શરૂ થઈ ગઈ હતી. વિરોધ પક્ષો સરકારના જવાબથી સંતુષ્ટ દેખાયા ન હતા અને ધાંધલ ધમાલ જારી રાખી હતી જેના લીધે અધ્યક્ષે કાર્યવાહી શરૂ થતાંની સાથે જ અડધો કલાક બાદ ૧૨ વાગ્યા સુધી કાર્યવાહી મોકૂફ કરી હતી.

# મહેશ શાહની લાંબી પુછપરછ

**પુછપરછમાં કોઇ મોટા ખુલાસા ન થતાં ભારે સસ્પેન્સની સ્થિતિ : મહેશ શાહની બીજી વખત પુછપરછ કરવામાં આવ્યા બાદ હજુ પુછપરછનો સિલસિલો જારી રહેશે : યોગ્ય જવાબો નહીં મળે તો કાયદેસરની કાર્યવાહી**



અમદાવાદ, તા.૪

કેન્દ્ર સરકારની ઈન્કમ ડિસ્કલોઝર સ્કીમ (આઈડીએસ) હેઠળ ૧૩૮૬૦ કરોડ રૂપિયાની જાહેરાત કરીને ભારે ખળભળાટ મચાવી દેનાર કારોબારી મહેશ શાહની પુછપરછનો દોર યથાવતરીતે આજે જારી રહ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ આઈટીના અધિકારીઓ દ્વારા આજે છ કલાકથી વધુ સમય સુધી પુછપરછ કરવામાં આવી હતી પરંતુ કોઈ નક્કર વિગત મળી શકી નથી. આગામી બે દિવસમાં યોગ્ય જવાબ નહીં આપે તો આઈટી વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી શકે છે. મહેશ શાહની આજે સવારે બીજી વખત પૂછપરછ કરવામાં આવી હતી. હજુ પુછપરછનો સિલસિલો જારી રહે તેવી શક્યતા છે. પુછપરછ દરમિયાન કોઈ મોટા ખુલાસા ન થતાં સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. પત્ની બિમાર હોવાથી બે દિવસ સુધી આઈટી

● અનુસંધાન પાન-૭ પર





